| PUBLICATION NAME : | Tapobhumi Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 06/07/24 |
| PAGE : | 2 |


# નેશનલ કમિશન ફોર વુમન (NCW) અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII), અમદાવાદ દ્વારા મહિલાઓને કારકિર્દી તરીકે ઉદ્યોગસાહસિકતા તરફ લક્ષી બનાવવા ૯૯મો કાર્યક્રમ યોજાયો



: ભારતીય ઉદ્યોગસાહસિક વિકાસ સંસ્થા (EDII), અમદાવાદે રાષ્ટ્રીય મહિલા આયોગ (દ્નઝઉ) ના સહયોગથી સમગ્ર દેશમાં સંભવિત મહિલા સાહસિકો માટે ૧૦૦ આંત્રપ્રેન્યોરશિપ અવેરનેસ પ્રોગ્રામ્સ (EAPs) ના આયોજનનો ઉદ્યોગસાહસિકતાને કારકિર્દી તરીકે અપનાવવા અને ઉદ્યોગસાહસિક બનવા માટે સામાજિક, આર્થિક અને પારિવારિક અવરોધોને દૂર કરવાના લાભો માટે રાષ્ટ્રીય પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી (NIELIT) ના સહયોગથી NIELIT, કારગીલમાં ૯૯મો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મુખ્ય અતિથિ ડૉ. મોહમ્મદ જાફર અખૂને કહ્યું, "આંત્રપ્રિન્યોરશિપ આર્થિક સશક્તિકરણ માટે આશાનું કિરણ આપે છે, ખાસ કરીને કારગિલ જેવા વિસ્તારોમાં મહિલાઓ માટે. આ મહિલાઓમાં જબરદસ્ત ક્ષમતા અને સ્થિતિસ્થાપકતા હોય છે. આ પહેલ દ્વારા, અમારો ઉદ્દેશ્ય તેમને પડકારોને પહોંચી વળવા અને ઉદ્યોગસાહસિક તરીકે ખીલવા માટેના સાધનો અને જ્ઞાન પ્રદાન કરવાનો છે. પ્રવાસન, હસ્તકલા અને અન્ય ઉભરતા ક્ષેત્રોમાં આશાસ્પદ તકો ઉપલબ્ધ છે. નેશનલ કમિશન ફોર વુમન અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના સમર્થનની સાથે સાથે, અમે કાનૂની સહાય પ્રદાન કરવા માટે સમર્પિત છીએ, જેથી આ મહિલાઓ આર્થિક સ્વતંત્રતા હાંસલ કરી શકે અને તેમની સામાજિક સ્થિતિને વધારશે."